

# સુરત મહાનગરપાલિકા

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

મહિલાઓમાં નિયમિત બચત કરવાની આદત કેળવાય તેમજ તેઓ નાણાકીય સધ્ધર અને આત્મનિર્ભર થાય તેવા શુભાશય સાથે મહિલાઓને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ સાથે જોડી સ્વાવલંબી / આત્મનિર્ભર બનાવવા માટે ''મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના'' શરૂ કરવામાં આવી છે.

### લાભાર્થી તરીકેની પાત્રતા

- ઉંમર ૧૮ થી ૫૯ વર્ષની વયજૂથના ૧૦ મહિલાઓનું જૂથ
- એક જુથમાં એક કુટુંબની એક જ મહિલા જુથના સભ્ય તરીકે જોડાઈ શકશે.
- જૂથના તમામ સભ્યો નજીકમાં રહેતા હોવા જોઈએ.
- કોઈ ધિરાણ સંસ્થાની લોન બાકી ન હોય તેવા હયાત જૂથો પણ આ યોજના અંતર્ગત લાભ મેળવી શકે છે.

### યોજના અંતર્ગત લાભ

- મહિલાઓના જોઈન્ટ લાયબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) ને રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા) નું વ્યાજ રહિત બેંક ધિરાણ.
- જૂથ વતી રાજ્ય સરકાર દ્વારા બેન્કને વ્યાજ ચુકવણી.
- જૂથને કોઈ પણ પ્રકારની ગેરેંટી વગર ધિરાણ.
- બેંક ધિરાણમાં સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ.

યોજના અંતર્ગત અરજી કરવા https://mysurat.in પરથી ફોર્મ ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરેલ ફોર્મ જમા કરાવવા કે વધુ જાણકારી માટે નીચેના સ્થળે ઓફીસ સમય દરમ્યાન મુલાકાત લઈ શકશો.

- **યુસીડી સમુદાય કેન્દ્ર,** નં.પ્રા.શાળા નં. ૧૦૭-૧૦૮ની પાછળ, મસ્જીદવાળી ગલી, હોડી બંગલા, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** SMC શોપિંગ સેન્ટરની પાછળ, લેક ગાર્ડનની બાજુમાં, કાંસાનગર, કતારગામ, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** ટાંકલી ફળિયા, વરાછા ઝોન ઓફીસ પાસે, ઉમરવાડા, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** હીરાબાગ આરોગ્ય કેન્દ્ર, ડો.હાઉસ પાછળ, હીરાબાગ, વરાછા, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** અંબાનગર સોશિયો સર્કલ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** બીજો માળ, મીઠીખાડી વોર્ડ ઓફીસ, લીંબાયત, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** વાંચનાલયની બાજુમાં, ખટોદરા કોલોની, ઉધના દરવાજા પાસે, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** BAPS હોસ્પિટલ પાસે, અડાજણ ચાર રસ્તા, અડાજણ, સુરત.
- **યુસીડી સમુદાય કેન્દ્ર,** હિતેન્દ્રનગરની બાજુમાં, હનુમાન ટેકરી, મોરાભાગળ, રાંદેર સુરત



## યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**SuratiiLab ઉપર, રાયકા સર્કલ, મહાલક્ષ્મી ઇન્ડ. પાસે, ઉધના, સુરત.**

/MySuratMySMC /mysuratmysmc /MySuratMySMC

# સુરત મહાનગરપાલિકા
## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY)

**હેઠળ રચાયેલ જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) ની નોંધણી/લોન મેળવવા અંગેની અરજી**

સૂચિત:- .........................................................JLESG
પ્રમુખશ્રી:- ..................................................................
સરનામું :- ...................................................................
.........................................................................................
.........................................................................................
સુરત :- ૩૯૫૦
સંપર્ક નં. ...................................................
તા:- / /

પ્રતિ,
પ્રોજેક્ટ ઓફીસરશ્રી,
સુરત મહાનગરપાલિકા,યુસીડી વિભાગ
રાયકા સર્કલ, મહાલક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીની બાજુમાં,
બમરોલી પુલ પાસે, ઉધના,સુરત , ૩૯૪૨૧૦

વિષય :- સુચિત........................................ જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) ની મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY) અંતર્ગત નોધણી/લોન બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ધિરાણ મેળવવા ઈચ્છુક કુલ ૧૦ (દસ) મહિલા સભ્યો મળી .......................................... જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) ની રચના કરેલ છે. જેની વિગતો આ સાથે બીડાણમાં સામેલ છે. જે ધ્યાને લઈ યોગ્ય જણાયે અમારા JLESG ને સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ મારફતે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY) અંતર્ગત નોધણી કરવા તથા આ સાથે સામેલ લોન મેળવવા માટેની અરજી ધ્યાને લઇ અરજી ............................................. બેંક ............................ બ્રાંચ/મહાનગરપાલિકા સાથે MoU થયેલ અન્ય બેંક/બ્રાંચને મોકલી આપવા વિનંતી.

**સહી**

સૂચિત ......................................... JLESG

પ્રમુખશ્રી:- .............................................

મંત્રીશ્રી :- ..............................................

ખજાનચીશ્રી:- .........................................

બીડાણ :-
૧. ..........................................................JLESGની નોધણી/લોન મેળવવા અંગેનું અરજી પત્રક (ઉપર મુજબ)
૨. જૂથના તમામ સભ્યોની વિગત સાથેનું લોન અરજી ફોર્મ
૩. JLESG નાં તમામ સભ્યોના આધારકાર્ડની નકલ

---

**ઓફીસ યુઝ માટે**

- JLESGનું નામ : ............................................................... મુખ્ય વ્યક્તિનો સંપર્ક નં. ......................................................
- JLESGનો નોંધણી નંબર : ............................................................................ નોંધણી તા. ...........................................
- સી.આર.પી.નું નામ .................................................................. મો ...................................... ઝોન.............................

# સુરત મહાનગરપાલિકા

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY)

### હેઠળ રચાયેલ જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) ની લોન અરજી

- JLESGનું નામ : ..........................................................................................................................
- સરનામું : ..........................................................................................................................
  ..........................................................................................................................
- ઈલેક્શન વોર્ડ નંબર : ....................વોર્ડનું નામ :........................................................ ઝોનનું નામ ...............................

ઉપરોકત JLESG ના પત્રક મુજબનાં તમામ સભ્યો .................................................. વિસ્તારના ઈલેક્શન વોર્ડ નં. ........ નામ ........................................ ઝોન ........................................સુરત નાં રહેવાસી છીએ. જેની વિગત આ સાથે સામેલ છે. અમો JLESGના સભ્યો પારસ્પરિક લાભ મેળવવા માટે બચત, લોન અને અન્ય આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવાના પ્રયોજન સાથે સ્વૈચ્છાએ એક સાથે મળી આ JLESGની રચના કરી છે. અમારા જૂથનાં તમામ સભ્યોને નીચે મુજબની શરતો તથા યોજનાની પ્રવર્તમાન જોગવાઈઓ તેમજ હવે પછી ઉપસ્થિત થનાર શરતો મંજુર રહેશે. જે ધ્યાને લઇ MMUY અંતર્ગત રૂપિયા ૧,૦૦,૦૦૦/- (એક લાખ રૂપિયા)ની લોન આપવા યોજના અંતર્ગત MoU થયેલ/લાગત બેંકમાં મોકલવા વિનંતી.

(૧) જૂથ માં જોડાયેલ ધિરાણ મેળવા ઈચ્છુક મહિલા સભ્યની ઉમર ૧૮ થી ૫૯ વર્ષ ની રહેશે.

(૨) જુથમાં એક કુટુંબનાં એકજ મહિલા સભ્યને લઇ શકાશે.

(3) પ્રવર્તમાન યોજના DAY-NULM હેઠળ નોધાયેલ/ અન્ય સ્વ સહાય જૂથ (SHG)ની કોઈ ધિરાણ સંસ્થાની લોન બાકી ન હોય તેવા હયાત સ્વસહાય જૂથો પણ આ યોજનાનો લાભ લઇ શકશે.

(૪) વિધવા અને ત્યકતા બહેનોને આ યોજનામાં અગ્રતા આપવામાં આવશે.

(૫) જૂથનાં સભ્યો એકજ વિસ્તારમાં રહેતા હોય અથવા એકજ વિસ્તારમાં કામ કરતા હોવા જોઈએ.

(૬) જૂથ દ્વારા આર્થિક પ્રવૃત્તિ સાથે બચતનું કામ પણ કરવાનું રહેશે.

(૭) પ્રતિ માસ રૂ.૧૦,૦૦૦/- લોન નાં હપ્તા પેટે ભરવાનાં રહેશે. આથી જૂથની દરેક મહિલા સભ્યે રૂ.૧,૦૦૦/- માસિક હપ્તા પેટે ભરવાનાં રહેશે.

(૮) નિયમિત માસિક હપ્તા ભરપાઈ થવાથી ૧૧ અને ૧૨ માં મહિનાનાં રૂપિયા ૧૦,૦૦૦/- બે માસિક હપ્તાની રકમ જૂથના ખાતામાં બચત તરીકે જમા રહેશે.

(૯) આ યોજના હેઠળ જૂથને નિયમિત માસિક હપ્તા ભરપાઈ કરવાથી સંપૂર્ણ વ્યાજ રહિત લોન આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧૦) JLESG દ્વારા જૂથનું સંયુક્ત ખાતું ખોલાવાનું રહેશે. જે ખાતામાં દરેક સભ્યએ રૂ. ૩૦૦/- (રૂપિયા ત્રણસો પુરા) એકવારીય બચત જૂથ દ્વારા બચત એકત્ર કરવા અધિકૃત કરેલ સભ્ય મારફતે જૂથનાં બેંક નાં બચત ખાતામાં જમા કરાવવાના રહેશે.

(૧૧) JLESGના સભ્યો ધ્વારા લેવામાં આવેલ લોન ભરપાઈ કરવાની જવાબદારી જૂથનાં તમામ સભ્યોની રહેશે. જે સભ્યોએ સરખા ભાગે ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) અમો JLESGના સભ્યો આથી આ સાથેના પત્રક ના અનુ નં. ૧, ૨ અને ૩ ને અનુક્રમે પ્રમુખ, મંત્રી તથા ખજાનચી તરીકે વિધિવત પસંદગી કરીએ છીએ. તેઓ JLESG વતી બેંક વ્યવહાર કરશે તેમજ જૂથની બચત/ ધિરાણ અંગેની પ્રવૃતિઓની બાબતો તથા અન્ય સંલગ્ન બાબતો જોશે અને તેનું સંચાલન કરશે. દરેક સભ્ય જૂથના કામકાજમાં સક્રિયપણે ભાગ લેશે.

(૧૩) JLESGના દરેક સભ્યો આથી નિયુક્ત પ્રતિનિધીઓને JLESGના હિતમાં લોન માટે અરજી કરવાની અને તે માટે જરૂરી કરારો/ દસ્તાવેજો કરવાની/ અમલમાં મુકવાની સત્તા આપે છે. અધિકૃત પ્રતિનિધિઓને JLESGના હિતમાં બેંક પાસેથી લોન મેળવવાની, JLESGના ધ્વારા સહકારી બેંકો / ક્રેડીટ કો.ઓ.મંડળીઓ ખાતે ધિરાણ મેળવવા ઈચ્છુક હોય તો જૂથ પોતે તથા જૂથના પ્રત્યેક સભ્ય દીઠ નોમિનલ સભ્ય ફી ભરી કો.ઓ ધિરાણ સંસ્થા / મંડળીના સભ્ય થવાની સત્તા આપે છે.

(૧૪) JLESG દ્વારા યોજના અંતર્ગતની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે અન્યથા વ્યાજ સહાય મળી શકશે નહિ.

(૧૫) JLESG ના પ્રત્યેક સભ્ય જૂથ દ્વારા અધિકૃત પ્રતિનિધિઓએ જૂથના હિતમાં કરેલ કાર્ય, નિર્ણયો, દસ્તાવેજો અને અન્ય બાબતોની બહાલી આપવા આથી વચનબદ્ધ થાય છે.

(૧૬) JLESG ના સુચારુ સંચાલન માટે JLESG ના તમામ સભ્યો સર્વાનુમતિથી પેટા નિયમો બનાવી શકશે જે તમામ સભ્યોને બંધનકર્તા રહેશે.

બીડાણ :(૧) જૂથના સભ્યોની વિગત સાથેનું નિયત પત્રક

(૨) જૂથના તમામ સભ્યોના આધારકાર્ડની નકલ

# મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (MMUY)

## અંતર્ગત રચાયેલ જોઈન્ટ લાયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ(JLESG)માં જોડાવવા માંગતા સભ્યોની વિગત

| અ.નું. | સભ્યની વિગત | હોદ્દો | ફોટો અને સહી |
|---|---|---|---|
| ૧ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | પ્રમુખ | |
| ૨ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | મંત્રી | |
| ૩ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | ખજાનચી | |
| ૪ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | સભ્ય | |
| ૫ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |
| ૬ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |
| ૭ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |
| ૮ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |
| ૯ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |
| ૧૦ | નામ ..........................................<br>સરનામું ..........................................<br>.......................... મો. ..........................<br>આધાર નં.......................................... | --"-- | |

.......................................... JLESG

પ્રમુખશ્રી:- ..........................................

મંત્રીશ્રી :- ..........................................

ખજાનચીશ્રી .:-..........................................